# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.પાલનપુર

બનાસ/ટ્રેકટર ચાફકટર/ તા.૦૧/૦૩/૨૦૧૯

**પરિપત્ર**

આથી બૃહદ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને સહર્ષ જણાવવાનું કે, દિન–પ્રતિદિન આપણા સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષ અંગેની અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. દિવસેને દિવસે ઘાસચારો મોંઘો થતો જાય છે અને પશુપાલકો જો પશુઓને આખા પુળાનું નિરણ કરે તો મોંઘા ઘાસચારાનો બગાડ થાય છે. ઘાસચારાનો બગાડ અટકાવવા જો પશુપાલકો ટ્રેકટર ઓપરેટેડ ચાફકટરથી કટીંગ કરી પશુઓને નિરણ કરે તો દૂધના ધંધાને વધુ પોષણક્ષમ બનાવી શકે તેવા શુભ આશયથી આપણા સંઘના નિયામક મંડળે તા.૨૫/૦૪/૨૦૧૬ની નિયામક મંડળની મીટીંગમાં જિલ્લાની દૂધ મંડળીઓને ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર ૫૦% સહાયથી આપવાની **"દૂધ મંડળીઓ માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના"** નીચેની શરતો અને નિયમોને આધિન તા.૩૧/૦૫/૨૦૧૮ સુધી અમલમાં મુકેલ છે.

**યોજનાની શરતો અને નિયમો :-**

(૧) ટ્રેકટરની વ્યવસ્થા જે તે દૂધ ઉત્પાદકે પોતાની રીતે કરવાની રહેશે અથવા ગ્રામ પંચાયતમાં ટ્રેકટર હોય તો તેનો ઉપયોગ કરી શકાશે.

(૨) સંઘ દ્વારા આપવામાં આવતું ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર દૂધ મંડળીએ સ્વીકારવાનું રહેશે.

(૩) ટ્રેકટર ઓપરેટેડ ચાફકટરમાં દૂધ મંડળીને ૫૦% (ટકા) સહાય આપવામાં આવશે.

(૪) દૂધ મંડળીએ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પપેપર ઉપર જરુરી કરારખત સંઘને કરી આપવાનું રહેશે.

(૫) દૂધ મંડળીની વ્ય.કમીટીમાં સંઘ ધ્વારા નકકી કરવામાં આવે તે પ્રમાણે ચાફકટરના વપરાશ અંગેના ભાડા/ ચાર્જની રકમ પ્રતિ કલાકે નકકી કરી તેનો ઠરાવ કરવાનો રહેશે.

(૬) યોજનાનો લાભ મેળવ્યા બાદ સંઘની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય દૂધ મંડળી ચાફકટર મશીનનું વેચાણ કે બીજા નામે તબદીલ કરી શકશે નહીં.

(૭) સહાયની ચુકવવા પાત્ર રકમ બાદ કરી બાકીની રકમ દૂધ મંડળીના દૂધ બીલેથી કપાત કરવામાં આવશે.

(૮) સહાયથી મળેલ ચાફકટર સંઘની પુર્વ મંજુરી સિવાય ૫ વર્ષ સુધી વેચી શકશે નહિ.

(૯) આ યોજનાની શરતો અને નિયમોના અર્થઘટનમાં, અમલીકરણમાં તેમજ સહાય ચુકવવા અંગે કોઈપણ જાતનો વિવાદ ઉભો થશે તો સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

આપની દૂધ મંડળી ઉપરોકત શરતોને આધીન સંઘ સહાયીત ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર મેળવવા માગતી હોય તો,આ સાથે સામેલ કરેલ ઠરાવમાં દૂધ મંડળીની માગણી સંઘમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું રાખશો. જેથી સંઘ ધ્વારા ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર આપવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**ધી............................... દૂધ ઉત્પા. સહ. મં. લી. તાલુકો ..................... ની વ્યવસ્થાપક કમિટિની મિટિંગ તા :....../...../૨૦...... ના રોજ મળેલ. તેમાં પસાર થયેલ ઠરાવ નં........... ની અસલ ઉપરથી ખરી નકલ.**

---

| <u>વિષય</u> | <u>વિગત</u> |
|---|---|
| બનાસડેરીની **દૂધ મંડળી માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના** હેઠળ સહાય મેળવવા બાબત. | આથી ઠરાવવામાં આવે છે કે અમારી દૂધ મંડળીએ **દૂધ મંડળી માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના** દૂધસંઘના પરિપત્ર : બનાસ/ટ્રેકટર ચાફકટર/૧૩૨૮, તા.૨૭/૦૫/૨૦૧૬ની શરતો અને નિયમો અમારી દૂધ મંડળીને બંધનકર્તા છે,તો તે મુજબ નવીન ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર ખરીદ કરી અમારી દૂધ મંડળીને આપવાનું તથા સહાય સિવાયની બાકીની ચુકવવા પાત્ર થતી રકમ અમારી મંડળીના દૂધ બીલેથી કપાત કરવાની તેમજ યોજનાની શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ થયાનું ભવિષ્યમાં જણાય તો અમારી દૂધ મંડળીને ચુકવાયેલ સહાયની રકમ વિના નોટીસે અમારી મંડળીના દૂધ બીલેથી કપાત કરવાની સત્તા બનાસડેરીને આપવાનું ઠરાવવામાં આવે છે.જે બાબતે અમારો કોઈ વાંધો/વિરોધ કે તકરાર રહેશે. નહીં.<br><br>દરખાસ્ત મુકનાર :–<br>ટેકો આપનાર :–<br><br>ઠરાવ સર્વાનુમતે મંજુર. |

મંડળીનો
ગોળ સિક્કો

**ચેરમેન** **મંત્રી**

ધી................................ દૂધ ઉત્પા.સહ.મં.લી.
મુ.................... કોડ નંબર....................
તાલુકોઃ .................. રૂટ નંબર...................

**દૂધ મંડળી માટે ટ્રેક્ટર ઓપરેટેડ ચાફકટર મેળવવા**
**રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર દૂધ મંડળીએ બનાસડેરીને કરી આપવાના કરારખતનો નમૂનો**

## કરારખત

**લખાવી લેનાર :** મેનેજીંગ ડીરેકટર
બનાસડેરી,પાલનપુર (બ.કાં.)

**લખી આપનાર:** ચેરમેનશ્રી / મંત્રીશ્રી,
ધી................................ દૂધ ઉત્પા. સહ. મં. લી., મુ.........................
તાલુકો :................... જિલ્લો :.....................કોડ નંબર :..............

અમો લખી આપનાર ધી ................................. દૂધ ઉત્પા. સહ. મંડળી લી. મુ......................ઉ.. તાલુકો :.....................જીલ્લો :...........................ના ચેરમેનશ્રી અને મંત્રીશ્રી તમો લખાવી લેનાર મેનેજીંગ ડીરેકટરશ્રી, બનાસડેરી, પાલનપુરને આથી લખી આપીએ છીએ કે સંઘની **દૂધ મંડળીઓ માટે ટ્રેક્ટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજના** નો પરિપત્ર : બનાસ/ટ્રેકટર ચાફકટર/૧૩૨૮,તા : ૨૭/૦૫/૨૦૧૬, અમારી મંડળીની વ્યવ.કમીટીની મીટીંગમાં વંચાણે લીધેલ છે. જેની વિગતે ચર્ચા–વિચારણા કરી સદર શરતો અને નિયમો સ્વીકારવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉપરાંત નીચે મુજબની શરતો / નિયમો પાળવા આથી અમો બંધાઈએ છીએ.

(૧) બનાસડેરીમાંથી દૂધ મંડળીઓ માટે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર સહાય યોજનાની શરતો અને નિયમો મુજબ જે ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર આપવામાં આવશે તે સ્વિકારવા અમો સંમત છીએ.
(૨) ટ્રેકટરની વ્યવસ્થા જે તે દૂધ ઉત્પાદક પોતાની રીતે કરશે અથવા ગ્રામ પંચાયતમાં ટ્રેકટર હશે તો તેનો ઉપયોગ કરવામાં આવશે.
(૩) ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર ખરીદ કિંમતના ૫૦% (ટકા)સહાયથી આપવામાં આવશે જે અમોને માન્ય છે.
(૪) દૂધ મંડળીની વ્ય.કમીટીમાં સંઘ ધ્વારા નકકી કરવામાં આવે તે પ્રમાણે ચાફકટરના વપરાશ અંગેના ભાડા/ ચાર્જની રકમ પ્રતિ કલાકે નકકી કરી તેનો ઠરાવ કરીશું અને તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.
(૫) યોજનાનો લાભ મેળવ્યા બાદ સંઘની પૂર્વ મંજુરી સિવાય દૂધ મંડળી ટ્રેકટર ઓપરેટેડ ચાફકટર મશીન વેચાણ, ગીરો કે બીજા નામે તબદીલ કરીશું નહીં.
(૬) ૫૦% સહાય સિવાયની બાકીની ચુકવવાપાત્ર થતી રકમ અમારી મંડળીના દૂધ બીલેથી એકી સાથે કપાત કરવા દૂધ સંઘને સત્તા આપવામાં આવે છે.
(૭) આ યોજનાની શરતો અને નિયમોમાં ફેરફાર કરવાની તેમજ વખતો વખત જરુર જણાયે શરતોમાં ઉમેરો કરવાની સંઘને સત્તા આપવામાં આવે છે.
(૮) આ યોજનાની શરતો અને નિયમોના અર્થઘટનમાં, અમલીકરણમાં તેમજ સહાય ચુકવવા અંગે કોઈપણ જાતનો વિવાદ ઉભો થશે તો સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.જે અમોને બંધનકર્તા રહેશે.

...............................................
**લખી આપનારની સહી**

મંડળીનો
ગોળ
સિકકો

**ચેરમેન** **મંત્રી**

ધી .......................................દૂધ ઉત્પા.સહ. મંડળી લી.

કોડનં.:............ મુ.:..................... તાલુકો :................